NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**બેંક રીકન્શીલેશન સ્ટેટમેન્ટ URP સોફ્ટવેર મારફત જમા કરાવવા બાબત.**

આથી અત્રેની યુનિવર્સીટીના તમામ કચેરી વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સીટીની તમામ કચેરીઓ ખાતે ખોલવામાં આવેલ વિવિધ પ્રકારના બેંક એકાઉન્ટનાં માસિક **બેંક રીકન્શીલેશન સ્ટેટમેન્ટ (BRS)** જમા કરાવવા અર્થે અત્રેથી સમયાંતરે પરિપત્ર તેમજ ઈમેઈલ મારફત જાણ કરવામાં આવેલ છે. જેમાં અનુભવે ધ્યાને આવેલ છે કે, ઘણી કચેરીઓ દ્વારા પરિપત્ર અને ઈમેઈલ દ્વારા જણાવેલ સમયમર્યાદામાં **બેંક રીકન્શીલેશન સ્ટેટમેન્ટ (BRS)** અત્રેની કચેરીને મોકલાવવામાં આવતા નથી. જેથી તમામ કચેરીઓ ખાતે ખોલવામાં આવેલ વિવિધ પ્રકારના દરેક બેંક એકાઉન્ટનાં માસિક **બેંક રીકન્શીલેશન સ્ટેટમેન્ટ (BRS)** નું મેળવણું સમયમર્યાદામાં થઇ રહે તેમજ ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના બેંક સાથે હિસાબોના મેળવણા ન થવા બાબતેના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે અર્થે Online Monitoring થઇ શકે તેવી સુવિધા URP સોફ્ટવેરમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

આ પરિપત્ર થયેથી **અગાઉની પ્રથા મુજબ હાર્ડ કોપી તેમજ ઈમેઈલ દ્વારા મોકલવાના થતા BRS હવેથી મોકલવાના થતા નથી.** આ ઉપરાંત તમામ કચેરીઓ ખાતે નિભાવવામાં આવતી કેશબુક પણ રોજેરોજ નિભાવવામાં આવે અને તેમાં કોઈ ભૂલ કે ચૂક ન થાય તે અર્થે આ ઓનલાઈન સુવિધામાં માસ પ્રમાણેના કેશબુકનાં ઉઘડતી સિલક અને બંધ સિલકના આંકડાઓ પણ ઉપલબ્ધ કરાવવાના રહેશે. જેની **અમલવારી ચાલુ નાણાંકીય વર્ષના ફેબ્રુઆરી માસથી કરવાની થાય છે**. ચાલુ નાણાંકીય વર્ષના અગાઉના માસની **(April-2024 થી January-2025 સુધીના) BRS** ની માહિતી **(રોજમેળ કેશબુકની ઉઘડતી અને બંધ સિલક સહિતની) URP** સોફ્ટવેરની આ ઓનલાઈન સુવિધામાં ફરજીયાત ઉપલબ્ધ કરવાની થાય છે. જેમાં દર માસના બેંક સ્ટેટમેન્ટ સહીતના આધારો પણ ફરજીયાત અપલોડ કરવાના રહેશે. આ ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરી સામેલ ગાઈડલાઈન મુજબ **Online Approval** અર્થે મોકલી આપવાનું રહેશે. આ અંગેના જરૂરી રાઈટ્સ જે તે કચેરીના નાણાંકીય કામગીરી સંબંધિત કર્મચારીઓને આપવામાં આવેલ છે. જેમાં કોઈ ફેરફાર હોઈ તો અત્રેની કચેરીનો સંપર્ક કરી સુધારો વધારો કરાવી લેવું.

**વધુમાં BRS ની માહિતી (ડેટા) સબમિટ કરવા અર્થેનો સમયગાળો દર માસની ૧ થી ૧૦ તારીખનો ફિક્સ કરવામાં આવેલ છે. ત્યારબાદ જે કચેરીના BRS સબમિટ કરી Online Approval કરવામાં આવેલ ન હશે તે કચેરીના કોઈ પણ ખર્ચના વાઉચરોની એન્ટ્રી URP સોફ્ટવેરમાં થઇ શકશે નહીં જેની સર્વેએ નોંધ લેવી.**

બિડાણ: BRS સબમિટ કરવાની માર્ગદર્શિક.

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/ ૫૪૪/૨૦૨૫**
**નવસારી, તા. ૨૯/૦૧/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૪) અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.